# 'ગુજરાતી લલિત નિબંધકારોની શૈલીનો આલોચનાત્મક અભ્યાસ'
## શોધનિબંધની રૂપરેખા

ગુજરાતી નિબંધ અને લલિત નિબંધની ચર્ચા અવારનવાર થતી રહી છે, નિબંધકારોએ તથા વિવેચકોએ એની આલોચના કરી છે, પરંતુ કોઈ પણ વિવેચના અંતિમ હોતી નથી. આ શોધનિબંધમાં કેટલાક પસંદ કરેલા નિબંધકારોની શૈલીનો અભ્યાસ કરવામાં આવ્યો છે, અહીં શૈલી શબ્દ વ્યાપક રીતે પ્રયોજ્યો છે. પરંતુ સાથે જ નિબંધને લગતી કેટલીક જરૂરી ચર્ચાને પણ આવરી લીધી છે.

આ શોધનિબંધને આ રીતે વિભાજિત કર્યો છે :

૧. લલિત નિબંધનું સ્વરૂપ

૨. ગુજરાતી નિબંધ અને ગુજરાતી ગદ્ય ઘડતર

૩. લલિત નિબંધ અને ગુજરાતી વિવેચન

૪. ગુજરાતી નિબંધ સાહિત્યમાંથી પસંદ કરેલા દસ નિબંધોનો આલોચનાત્મક અભ્યાસ

૫. ગુજરાતી નિબંધ સાહિત્યમાંથી પસંદ કરેલા અન્ય પાંચ નિબંધોના પસંદ કરેલા પરિચ્છેદોનું વિશ્લેષણ.

૬. ઉપસંહાર

## પ્ર.૧ લલિત નિબંધનું સ્વરૂપ

સૌ પ્રથમ ગુજરાતી સાહિત્યક્ષેત્રે નિબંધ વિશે થયેલ સંશોધન અને વિવેચનનો ઉલ્લેખ કરીને, ચિંતનાત્મક ગદ્ય અને સર્જનાત્મક ગદ્ય વચ્ચે જે પાતળી સૂક્ષ્મ ભેદરેખા છે, જેને કારણે ક્યારેક ચિંતનાત્મક ગદ્ય સર્જનાત્મક ગદ્યની કક્ષાએ જઈ પહોંચે છે, તેનો સંક્ષેપમાં ખ્યાલ સ્પષ્ટ કર્યો છે.

ત્યાર બાદ ટૂંકીવાર્તા, નવલકથા જેવા કથનાત્મક સાહિત્યસ્વરૂપ સામે નિબંધને કોઈ એવા ચોક્કસ પ્રકારમાં ગોઠવી શકાતો નથી તેની ચર્ચા કરી છે. ગુજરાતીમાં તેમ જ અન્ય ભાષાઓમાં પ્રવાસવર્ણન નિબંધની કક્ષાએ જઈ પહોંચતાં હોય છે. પરંતુ પ્રવાસવૃત્તાંત અને નિબંધમાં ભેદ દર્શાવવાના હેતુથી હ્યુ એન સાંગ, ફાહિયાન, કેપ્ટન સ્કોટ-નાં પ્રવાસોનું દૃષ્ટાંત આપીને તેમને નિબંધ તરીકે કેમ ન સ્વીકારી શકાય તેની ચર્ચા કરી છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે કાકાસાહેબ કાલેલકર, સુંદરમ્, ભોળાભાઈ પટેલ, કે પ્રીતિ સેનગુપ્તાનાં પ્રવાસવર્ણનો લલિત નિબંધની સાવ નિકટ પહોંચી જતાં લાગે છે. તેનું કારણ આ પ્રવાસલેખકોની રચનાઓમાં પ્રગટ થતું વ્યક્તિત્વનું આલેખન છે – તે દર્શાવી, આ વ્યક્તિત્વનું પ્રગટીકરણ કઈ ભૂમિકાએ, કેવી ગદ્યછટાઓના વિનિયોગ દ્વારા થાય છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. અલબત્ત પાશ્ચાત્ય વિવેચકોએ નિબંધની ચર્ચા કયા આધારે કરી છે તેનો ઉલ્લેખ કરી નિબંધકારની શૈલીને સર્જકના જગતને જોવાના દૃષ્ટિકોણ સાથે સાંકળી છે. અર્થાત્ જે-તે નિબંધકારનું દર્શન પણ એની શૈલીના એક ભાગરૂપ જ ગણાય – તેની પર ભાર મૂકી મોન્ટેઇનના 'essai' – 'પ્રયત્ન'ના અર્થ મુજબના નિબંધો તો પશ્ચિમમાં પણ ઓછા જોવા મળે છે. તો પછી મોન્ટેઇન – જે નિબંધસ્વરૂપનો

જનક કહેવાય છે, તે નિબંધ સ્વરૂપ પાસે કેવી અપેક્ષાઓ રાખે છે તેનો ખ્યાલ સ્પષ્ટ કરવા મોન્ટેઇનના નિબંધ વિશેનું ‘– વાચકને કરેલું ઉદ્‌બોધન ટાંકીને તેમાંથી કેટલાંક તારણો નોંધ્યા છે. જેમ કે – આત્મકથાની સાથે નજીકનો સંબંધ ધરાવતું સ્વરૂપ (નિબંધ) કશા જ ઢાંકપિછોડા વિના જાતને પ્રગટ કેવી રીતે કરે છે, તેનું પ્રયોજન લૌકિક નથી, એના વાચકો સ્વજન કે મિત્ર કક્ષાના છે અને નિબંધરચના દ્વારા અનુભવાતું નિબંધકારનું જીવંત વ્યક્તિત્વ કઈ રીતે હૃદયંગમ બને છે તેની ચર્ચા કરી છે.

હવે, નિબંધની સૌથી વધારે નજીક રહેલા આત્મકથા અને ઊર્મિકાવ્યમાં પ્રગટ થતો ‘હું’ (વ્યક્તિત્વ) અને નિબંધમાં વ્યક્ત થતું વ્યક્તિત્વ વચ્ચે ભેદ સ્પષ્ટ કરીને, નિબંધમાં પ્રવેશતી આત્મકથનાત્મકતા, નિર્બંધતાનો નિર્દેશ કરીને ફ્રાન્સિસ બેકનના વિધાનને ટાંકી આગળ ચર્ચા કરી છે. આ ઉપરાંત નાટ્યકારનો પાત્રો પડછેથી સંભળાતો અવાજ અને નિબંધકારનો પ્રત્યક્ષ અવાજ કઈ રીતે જુદો પડે છે તે પણ નોંધ્યું છે આ માટે જ્યાં જરૂરી લાગ્યાં છે ત્યાં દૃષ્ટાંતો લીધાં છે.

મૂળે પાશ્ચાત્ય સાહિત્યમાંથી જન્મેલ આ નિબંધ સ્વરૂપ પાસે પહોંચતા પહેલાં ત્યાં (પશ્ચિમમાં) પ્રગટેલા નિબંધ સ્વરૂપની તપાસ કરવા માટે કેટલાક પાશ્ચાત્ય નિબંધકારોના અનુવાદોનો આસ્વાદલક્ષી પરિચય કરાવ્યો છે. જેમાં રોબર્ટ લિન્ડ, મેક્સ બિરબોહમ, ફ્રાન્સિસ બેકન, જી.કે.ચેસ્ટરટન્ટ અને ચાર્લ્સ લેમ્બ – વગેરે નિબંધકારોના – (અનુવાદ) નિબંધની અને પરિચ્છેદોની ચર્ચા કરતાં ગુજરાતી નિબંધથી આ નિબંધો કઈ રીતે જુદાં પડે છે અને બંને સ્વરૂપો (પાશ્ચાત્ય નિબંધ અને ગુજરાતી નિબંધ) વચ્ચે કઈ સમાનતા જોવા મળે છે તેની નોંધ પણ લીધી છે. સાતમા દાયકામાં ગુજરાતી નિબંધ પત્રકારત્વના આશ્રયે વિકસ્યો હતો એટલે અંતે નિબંધના કદની ચુસ્તતા તેની મર્યાદા બની જાય છે, તેનો ઉલ્લેખ કરી એ પ્રકારે આવેલા નિબંધોની વિશિષ્ટતા મર્યાદા અહીં ચર્ચી છે.

## પ્ર.૨ ગુજરાતી નિબંધ ... અને ગુજરાતી ગદ્યઘડતર

એ વિદિત છે કે મધ્યકાલીન સમયમાં ગદ્યનું ખેડાણ નહિવત્ હતું. (જે પણ કાંઈ ઉપલબ્ધ હતું એ મુખ્યત્વે બોધાત્મક-ઉપદેશાત્મક કથાઓના સ્વરૂપે કે ધર્મલક્ષી લખાણો તરીકે સામે આવે છે.) પણ છતાં એ ન ભૂલી શકાય કે અત્યાર સુધી વિકસેલા ગદ્યનો વિકાસ કે ઊંચાઈના પાયામાં રહેલું એ ગદ્ય પણ મહત્ત્વનું બની રહે છે. કારણ આખરે એ પાયામાંથી જ આજની ગદ્યની ઈમારત ઊભી થઈ છે. તેથી જેટલું બની શકે એટલું – મધ્યકાલીન સમયના – આવા પ્રાથમિક ગદ્યના પરિચ્છેદોના નમૂનાઓ લઈ ચર્ચા કરી છે. જેમાં ચૌદમા શતકથી માંડી પૃથ્વીચંદ્ર ચરિત (૧૫મી સદી), પંચાખ્યાન-બાલાવબોધ (૧૭મી સદી), ઈસપનીતિકથા-બાપુશાસ્ત્રી પંડ્યા (૧૮મી સદી) વચનામૃત (૧૯મી સદી) – વગેરે ગદ્યની ચર્ચા કરી છે, તો ત્યાર પછી દુર્ગારામ, નર્મદ, દલપતરામથી શરૂ થતા બોલચાલની ભાષાનો લય-લહેકો પ્રગટાવતાં ગદ્યની ચર્ચા કરી છે, જેમાં નર્મદથી શરૂ થતા નિબંધ સ્વરૂપનાં લખાણોનો સમાવેશ કર્યો છે, જેથી જે-તે સર્જકે કાકાસાહેબ સુધી આવતાં (કાકાસાહેબથી શરૂ થતા લલિત નિબંધ સ્વરૂપ સુધી) પેલા વ્યક્તિત્વને કેવી રીતે આલેખ્યું છે અને તેમની ભાષાપ્રયોજનરીતિએ નિબંધ સ્વરૂપનો કેવી રીતે વિકાસ કર્યો છે તેનો ખ્યાલ મેળવી શકાય.

આમ, મધ્યકાલીન ગુજરાતી ગદ્યથી માંડીને નર્મદ સુધી અને સુધારકયુગથી માંડીને પંડિતયુગના સાહિત્યમાં ગદ્ય કેવી રીતે વિકસતું ગયું એની ચર્ચા અહીં જુદા જુદા વિવેચકોની મદદથી કરી છે. એ રીતે જુદી જુદી શૈલીઓનો પરિચય પણ કરાવવાનો આશય આ ચર્ચા પાછળ છે.

## પ્ર.૩ લલિત નિબંધ અને ગુજરાતી વિવેચન

'નિબંધ' સંજ્ઞા-સ્વરૂપ વિશે અનેક વિવેચકોએ, સર્જકોએ – તેના સ્વરૂપ-લક્ષણો કે વિભાવનાઓ વિશે ચર્ચા કરી પોતપોતાનાં મંતવ્યો આપ્યા છે. દરેક વિવેચક દૃષ્ટિ-સૂઝ પ્રમાણે પોતાની સામે રહેલ નિબંધ-સ્વરૂપને ધ્યાનમાં રાખીને જ ચર્ચા કરે છે. તેથી જ કોઈ પણ વિવેચકે આપેલી વ્યાખ્યા કે મત અધૂરા જ રહે એ સ્વાભાવિક છે. જેમ જોન્સન કે બેકને આપેલી વ્યાખ્યાઓ પ્રમાણે રવીન્દ્રનાથના નિબંધો તપાસીએ તો સ્વરૂપ જુદું જ દેખાય, એ જ રીતે કોઈ પણ વિવેચક જ્યારે નિબંધ સ્વરૂપ પાસે પહોંચે છે, ત્યારે તેની અગાઉ ખેડાયેલા આ નિબંધો તો તેના ધ્યાનમાં છે જ, સાથે સમકાલીન નિબંધકારોની રચનાઓને પણ તે અવલોકતાં જાય તેથી જ સમયના અનુક્રમે પહેલા વિવેચકે જે વિભાવના કે મત બાંધ્યા હોય, તેમાં પછીથી આવતા વિવેચક કોઈ અધૂરપ કે અપૂર્ણતા નિહાળી એ વ્યાખ્યાઓને જે-તે સમયને અનુરૂપ ફરીથી તેની ફેરતપાસ કરે કે પછી પેલી વ્યાખ્યાઓમાંથી થોડું રદ-બાતલ કરી ને ઉમેરણ પણ કરે – એ બની શકે અને એમ જ થાય. એ સ્વાભાવિક પણ છે; વળી (જે-તે વિવેચકની રુચિ પણ એમાં ભાગ ભજવે છે) બદલાતા સ્વરૂપમાં નવી-નવી શક્યતાઓ, ગદ્યછટાઓ ઉમેરાતાં જ જાય. તેથી જ અહીં જે વિવેચકોના અભિગમો જોવાનો પ્રયત્ન છે, એમાં કોઈ ટીકા કે ખામીની દૃષ્ટિએ નહીં, પણ વિકસતા જતા નિબંધ-સ્વરૂપનો ખ્યાલ સ્પષ્ટ થાય એ હેતુથી વિવેચકોનાં મંતવ્યોને ધ્યાનમાં લઈ ચર્ચા કરી છે.

જેમાં મુખ્યત્વે ગુજરાતી સાહિત્યક્ષેત્રે નિબંધ-સ્વરૂપ સાથે સૌથી વધારે નિસબત ધરાવતાં સર્જકો-વિવેચકોની ચર્ચા સમાવવા પ્રયત્ન કર્યો છે. (શરૂઆતના વિકસતા ગદ્યની માંડીને ચર્ચા આગળના પ્રકરણમાં કરી છે.) વળી, 'નિબંધ' સંજ્ઞા હેઠળ વ્યાપક-વિસ્તૃત એવા નર્મદથી થયેલા નિબંધ, અન્ય લખાણો વગેરેના વિકાસ – ઐતિહાસિક ક્રમ પ્રમાણેની ચર્ચા અગાઉ જે-તે વિવેચકો કરી ચૂક્યા છે. તેથી અહીં માત્ર 'લલિત નિબંધ' ને જ ધ્યાનમાં રાખીને (ખાસ કરીને સર્જક વ્યક્તિત્વ પ્રગટાવતા) થયેલા વિવેચન પરનાં મંતવ્યોને જ કેન્દ્રમાં રાખ્યા છે.

જેમાં દલપતરામ, નર્મદ, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા, રા.વિ.પાઠક, કાકાસાહેબ, વિશ્વનાથ ભટ્ટ, વિજયરાય વૈદ્ય, સુંદરમ્, ઉમાશંકર જોશી, સુરેશ જોષી, દિગીશ મહેતા, જયંત કોઠારી, ભોળાભાઈ પટેલ, પ્રવીણ દરજી, શિરીષ પંચાલ, સુમન શાહ, બળવંત જાની, મણિલાલ પટેલ, રમણ સોની અને જયદેવ શુક્લ વિવેચકોની વ્યાખ્યાઓ, ચર્ચાઓને ધ્યાનમાં રાખી છે.

ઉપરોક્ત વિવેચકોનાં નામોલ્લેખ પરથી સમજી શકાય કે બદલાતા જતા સમયના પરિવેશને, (જે-તે સમય, સ્થળ-કાળ અનુસાર ખેડાયેલ સ્વરૂપને સામે રાખીને) વિકસતા જતા નિબંધ સ્વરૂપને ધ્યાનમાં રાખીને જ આ ચર્ચાઓ થતી હોય, ત્યારે દરેક વિવેચકના અભિગમો પણ (એક જ સ્વરૂપ

પ્રત્યે) ભિન્ન-ભિન્ન રીતે પ્રગટે એ સહજ છે, પણ તેનાથી આ નિબંધ-સ્વરૂપમાં રહેલી શક્યતાઓનો તાગ જરૂર મેળવી શકાય, એટલું જ નહિ, ભવિષ્યના નિબંધસર્જકો, વિવેચકો અને ભાવકો માટે પણ એ મંતવ્યો એટલાં જ મદદરૂપ-પ્રેરણારૂપ બની રહે.

## પ્ર.૪ ગુજરાતી નિબંધસાહિત્યમાંથી પસંદ કરેલા દસ નિબંધોનો આસ્વાદ-આલોચનાત્મક અભ્યાસ

અહીં માત્ર સર્જનાત્મક અંશો ધરાવતા હોય તેવા મહત્ત્વના નિબંધકારોના એક એક નિબંધને ઉદાહરણરૂપે લઈને આસ્વાદલક્ષી અને શૈલીગત પરિચય કરાવ્યો છે, જેમાં નિબંધકારનું વ્યક્તિત્વ, તેની ગદ્યછટાઓ, દર્શન, વિવિધ પ્રયુક્તિઓ અને ભાષા વગેરે સંદર્ભને ધ્યાનમાં રાખ્યો છે. આ ઉપરાંત જે-તે નિબંધ વિશે કે તેના પરિચ્છેદોને ધ્યાનમાં લઈ વિવેચકોએ કરેલી સમીક્ષા કે મંતવ્યોને પણ નિબંધના અંતે મૂકી આપ્યા છે. સમગ્ર નિબંધને ધ્યાનમાં લેવાનું કારણ સર્જકની વાક્યરચનાઓ, પદો વચ્ચેનો સંબંધ, પરિચ્છેદોથી બદલાતી વિચાર-ગદ્યછટાઓ, નિબંધના આરંભથી માંડી અંત સુધી વિસ્તરતું વ્યક્તિત્વ – આ બધું એક જ રચનામાં કેવી રીતે પ્રગટે છે, તેનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુ રહેલો છે. (અલબત્ત આવી તપાસ કેટલાંક સંપાદનોમાં થઈ ચૂકી છે, છતાં, વ્યક્તિએ વ્યક્તિએ નિબંધને જોવાના, આસ્વાદવાનાં કે મૂલવવાનાં માપદંડ કે ક્ષમતા અલગ જ હોય એ સ્વાભાવિક છે.)

અહીં પ્રથમ કાકાસાહેબના 'મધ્યાહ્નનું કાવ્ય' (જીવનનો આનંદ) નિબંધ લઈને વાત કરી છે. જ્યાં વિશેષ કરીને સંસ્કૃતિપૂજક એવા આ ગાંધીયુગીન-અગુજરાતી સર્જક કેવું વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રગટાવે છે તે દર્શાવ્યું છે. તો સાથે સાથે તેમણે પ્રયોજાયેલ સાદૃશ્યો, ઉપમાઓ, સંદર્ભો અને વિવિધ શૈલીઓને પણ ધ્યાનમાં રાખી છે. કાકાસાહેબ જીવનધર્મી અને માનવધર્મના પુરસ્કર્તા હોવાને કારણે નિબંધમાં આવતું ચિંતન પણ તેમના વ્યક્તિત્વની છાપ લઈને જ પ્રગટે છે. તેમનાં સૂત્રાત્મક વાક્યો, સૌંદર્યને નિહાળીને તેને જોવાની વિશિષ્ટ દૃષ્ટિ અને હળવાશ (રમૂજ વૃત્તિ) જ્યાં જ્યાં પ્રગટે છે તેનો ઉલ્લેખ કરી સમગ્ર નિબંધની આસ્વાદલક્ષી ચર્ચા કરી છે.

કાકાસાહેબ પછી 'જયંતિ દલાલ'(૧૯૪૮)ના 'શહેરની શેરી' નિબંધની ચર્ચા કરી છે. અહીં પણ કોઈ આધુનિક નગરજીવનની વાત નથી, કે નથી શહેરીજીવન તરફનો અદમ્ય આક્રોશ-વ્યંગ. (જે સુરેશ જોષીમાં જોવા મળે છે) અહીં તો પચાસેક વરસ પહેલાંની શેરીમાં જોવા મળતી ચેતનાનું આલેખન છે. આવી શેરી પોતાના ધ્વન્યાલોકે કેવી જીવંત બની ઊઠે છે તેનાં શબ્દરૂપો કઈ રીતે નિબંધકારે આલેખ્યાં છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. શેરીની દિનચર્યાઓનું, મધ્યમવર્ગીય લોકજીવનનું – ભાતીગળ રૂપ અવાજ ધારણ કરી રીતે નિબંધમાં વહે છે તે નોંધ્યું છે. (જેમાં માનવેતર સૃષ્ટિના અવાજો સાથે, માનવેતર તત્ત્વોની (પદાર્થો) પણ તાલબદ્ધ-લયબદ્ધ સૃષ્ટિ આલેખાઈ છે) શેરી વિશે નિબંધના ઉત્તરાર્ધમાં આવતું ચિંતન પણ મહત્ત્વનું બની રહે છે, પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની શૈલીમાં આવતા પરિવર્તનની તપાસ સાથે આ ચર્ચા કરી છે.

જયંતિ દલાલ પછી નિબંધક્ષેત્રે એક ડગલું આગળ વધતાં ઉમાશંકર જોશીનો 'વાર્તાલાપ' ('ગોષ્ઠી') નિબંધ નમૂનારૂપે લીધો છે.

ઉમાશંકર જોશીની 'વાર્તાલાપ' જેવા સામાન્ય વિષય ઉપર વાત કરવાની વિશિષ્ટ રીતિનો, માનવપ્રેમી – ઉષ્માભર્યા વ્યક્તિત્વનો સ્પર્શ થાય છે અને નિબંધ સ્વરૂપને 'ગોષ્ઠી' – આત્મીય વાર્તાલાપ – સુધી પહોંચાડતા સર્જક વ્યક્તિત્વનો પરિચય મળે છે. ખાસ કરીને તેમની અભ્યાસ-અધ્યયનની બહુશ્રુતતાવિરલ વ્યક્તિત્વની છાપ, તેમાં આવતા સંદર્ભો પરથી નોંધી છે. અને અંતે સભરવ્યક્તિમત્તાનો અનુભવ કરાવતું સર્જક વ્યક્તિત્વ ભાવકને કેવી રીતે સ્પર્શે છે તેની વાત કરી છે. આ ઉષ્માપૂર્ણ વ્યક્તિત્વની પ્રતીતિ શૈલી દ્વારા કેવી રીતે થાય છે તેની ચર્ચા પણ આવરી લીધી છે.

હવે કિશનસિંહ ચાવડા (જિપ્સી)ના ('અમાસના તારા'-૧૯૫૫) 'બંસી કાહે કો બજાઈ' નિબંધની સમીક્ષા કરી છે. જ્યાં જિપ્સીની તળપદી બાની સાથે આલેખાતું ગુલબ્બોના રેખાચિત્ર સાથે તેમની પ્રકૃતિપ્રિય, માનવપ્રેમી દૃષ્ટિનાં દર્શન થાય છે. આ ઉપરાંત રસળતી – સુભગ શૈલી પણ ધ્યાનાકર્ષક બને છે. આ નિબંધ વ્યક્તિચિત્ર, કથાવાર્તા અને નિબંધ – આ ત્રણેના સમન્વયમાંથી પ્રગટ્યો છે અને એ રીતે એને અનુરૂપ શૈલીભેદો કેવી રીતે પ્રગટાવવામાં આવ્યા છે તેની સદૃષ્ટાંત ચર્ચા કરી છે.

ત્યાર બાદ ગુજરાતી સાહિત્યમાં આધુનિક-ક્રાંતિકારી પરિવર્તન લઈને પ્રવેશતાં સુરેશ જોષીના 'રૂપપ્રપંચ' ('જનાન્તિકે') નિબંધની ચર્ચા કરી છે.

સુરેશ જોષીના નિબંધમાં પ્રગટતી નવી જ શૈલી, આધુનિક દૃષ્ટિકોણ, વિષયનાવીન્યની ચર્ચા પછી પ્રકૃતિ સામે નગર, મુગ્ધતા સામે વિદગ્ધતાનું વિરોધાભાસી જગત જોડાઈને કેવી તીવ્ર વેધકવ્યંગવાણી સહિત શબ્દલીલા પ્રગટે છે તેની ચર્ચા કરી છે, અહીં ઇન્દ્રિયગોચર સઘનજગત અને કલ્પનપ્રાચુર્ય પણ આકર્ષક બને છે. સુરેશ જોષીના નિબંધોનું કલ્પનપ્રાચુર્ય કેવી રીતે આ સ્વરૂપને વિશિષ્ટ રીતે વિકસાવે છે તેની ચર્ચા કરી છે. સર્જક પોતાના વ્યક્તિત્વનો પરિચય ભાવકને કઈ ભાષા વડે કરાવે છે તેની ચર્ચા પણ કરી છે.

દિગીશ મહેતાનો નિબંધ સુરેશ જોષીથી નોખો જ અવાજ લઈ, નિજી અંદાજ સાથે પ્રવેશે છે. આ નોખાપણાની સદૃષ્ટાંત ચર્ચા કરી છે. 'દૂરના એ સૂર' (૧૯૭૦) સાંભળતા દિગીશ મહેતામાં પણ શૈશવ, પ્રકૃતિનું આકર્ષણ તો છે જ, પણ સુરેશ જોષીની જેમ કલ્પનપ્રચુરતા અહીં દેખાતી નથી, વાસ્તવનો આધાર અને સ્મૃતિ અહીં ચેતના સાથે રસાઈને જુદું જ રૂપ પ્રગટાવે છે. અંગ્રેજી ભાષારીતિની લઢણ ધરાવતી વાક્યરચનાઓ સાથે તળપદી સૃષ્ટિ જોડાઈને નિબંધમાં અનોખું સૌંદર્ય કેવી રીતે પ્રગટે છે તે તેમના શૈલીવિશેષોને ધ્યાનમાં રાખીને તપાસ્યું છે.

ગાંધીયુગીન સંસ્કારોથી પ્રજ્વલિત પ્રેરિત એવા સ્વામી આનંદનો 'માછીનાચ' ('ધરતીની આરતી' ૧૯૭૭) નિબંધ લઈને આસ્વાદ કર્યો છે. જેમાં તળજીવનની લોકભૂમિ સાથે એકરૂપ બનેલું સર્જક વ્યક્તિત્વ દેખાય છે. તો સાથે શૈશવસહજ મુગ્ધતા-વિસ્મય અને તોફાન-મસ્તી જોડાઈને – સર્જકચેતના આગવું રૂપ ધરે છે. માછીમારોના નૃત્યને આબેહૂબ પ્રત્યક્ષ કરતી તેમની દૃષ્ટિ-રીતિ અહીં મહત્ત્વની બની રહે છે. અત્યાર સુધી જોવા મળેલા નિબંધો કરતાં સ્વામી આનંદની નિબંધશૈલી કેવી રીતે જુદી

પડે છે, તેમનું જીવનદર્શન પણ કઈ રીતે વિલક્ષણ છે એની ચર્ચા કરતાં-કરતાં તેમની વિશિષ્ટ એવી જીવનદૃષ્ટિનો મેળ કેવી રીતે શૈલી સાથે જામે છે તે મુદ્દા આવરી લીધા છે.

કાકાસાહેબ પછી એવા જ બીજા પ્રવાસશોખીન જીવ ભોળાભાઈ પટેલની 'વિદિશા' ('વિદિશા' નિબંધસંગ્રહમાંની પ્રથમ રચના - ૧૯૮૦)નો આસ્વાદ કર્યો છે. જ્યાં લેખકનાં રસિકતા, સૌંદર્યપ્રેમ અને વિરલ વ્યક્તિત્વની ચર્ચા કરી છે. કાલિદાસના ચાહક/ભાવક એવા આ સર્જક ઠેર-ઠેર કાલિદાસના સંદર્ભોની સાથે જ વિદિશાને નિહાળે છે, અલબત્ત દૃષ્ટિ પોતીકી છે. અહીં સર્જકનાં કલ્પનાશક્તિ, શબ્દસૂઝ અને કલાત્મક અભિવ્યક્તિનાં દર્શન થાય છે. તેમનું પ્રસન્ન નર્મ હાસ્ય પણ અહીં મહત્ત્વનું અંગ બની રહે છે. કાલેલકરની જીવનધર્મી દૃષ્ટિથી જુદી જ સૌંદર્યદૃષ્ટિ-કલાદૃષ્ટિ અહીં જોવા મળે છે.

કાકાસાહેબ કાલેલકરના પ્રવાસનિબંધથી ભોળાભાઈ પટેલનો પ્રવાસનિબંધ કેવી રીતે જુદો પડે છે તેની ચર્ચા કરતાં કરતાં ભોળાભાઈ પટેલના નિબંધોમાં આવતા સાહિત્યિક સંદર્ભો દ્વારા આ નિબંધનું વિશિષ્ટ પોત કેવી રીતે બંધાય છે તેની ચર્ચા કરી છે.

આ પછી રતિલાલ 'અનિલ'ના 'આટાનો સૂરજ' ('આટાનો સૂરજ' નિબંધસંગ્રહમાંથી - ૨૦૦૨) નિબંધનો આસ્વાદ કર્યો છે. જ્યાં સર્જકનું વિશિષ્ટ વ્યક્તિત્વ, નિરાળી ગદ્યછટા સાથે પ્રગટે છે. અહીં આટાનો સૂરજ-રોટલો-ઘડતી મા સાથેનું મમત્વ પણ આસ્વાદનો વિષય બની રહે છે. વિશેષણો, દ્વિરુક્તિ અને પ્રતીકોથી જ આલેખાતું ભાષારૂપ – કેવી રીતે આસ્વાદ્ય બને છે તેની ચર્ચા કરી છે. શિશુસહજ મુગ્ધ દૃષ્ટિની સાથે અતીતની સમૃદ્ધિ-સંતોષને પ્રગટ કરતી ભાષા સામે પ્રશ્નશૈલીએ મર્માળા વ્યંગ સાથે આલેખાતું વર્તમાન જગત, તેની કૃત્રિમતા જોડાઈને સર્જકમન અંતે કેવો ખાલીપો અનુભવે છે તેની ચર્ચા કરી છે.

અગ્રંથસ્થ નિબંધકાર હોવા છતાં, પોતાની છૂટી-છવાઈ રચનાઓ દ્વારા તદ્દન નિજી અંદાજ, વિષય-નાવીન્ય, રજૂઆતરીતિ ધરાવતા - ગુલામમોહમ્મદ શેખનો 'ઘેર જતાં' (એતદ્ : એપ્રિલ-જૂન, ૮૭) નિબંધ લઈને વાત કરી છે. અહીં શૈશવ, પ્રકૃતિ, અતીતરાગ એવું જ કશું જ પુનરાવર્તિત થતું નથી. અહીં તો તળપદું કાઠું ધરાવતી ભાષા નોખા અવાજમાં બળકટ કલ્પનો અને નગ્ન વાસ્તવ સાથે પ્રયોજાય છે. શેખની અભિવ્યક્તિ અને વ્યક્તિત્વનું પ્રગટીકરણ અત્યાર સુધીના નિબંધકારો કરતાં વિશિષ્ટ રીતે જ આલેખાય છે. ગુલામમોહમ્મદ શેખની કવિતામાં જોવા મળતી આદિમ ચેતના અહીં કયા પ્રકારનાં કલ્પનોને લઈ આવે છે, એને કારણે કયું નવું જગત જોવા મળે છે, ભાષાની વિલક્ષણ લઢણો કઈ રીતે નિબંધને જુદો ઓપ આપે છે તેની ચર્ચા કરી છે.

પ્ર.૫

ગુજરાતી નિબંધ સાહિત્યમાંથી પસંદ કરેલા નિબંધોના પરિચ્છેદોનું શૈલીગત પૃથક્કરણ કરવા ધાર્યું છે.

એ રીતે ચંદ્રકાન્ત શેઠ,અનિલ જોશી, પ્રવીણ દરજી, મણિલાલ પટેલ, પ્રીતિ સેનગુપ્તાના સમગ્ર નિબંધને નહીં પણ તેમના લાક્ષણિક પરિચ્છેદો લઈને ભાષા અને ભાવાત્મકતા – એમ બંને ભૂમિકાને કેન્દ્રમાં રાખી છે. આમ કરવા માટે આ પ્રત્યેક પરિચ્છેદના શૈલીવિશેષોની ચર્ચા પૂર્વપશ્ચિમના શૈલી વિચારને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે.

ઉપસંહાર

આ સમગ્ર શોધનિબંધમાંથી પસાર થયા પછી અંતે કેટલાંક તારણો અહીં રજૂ કરવામાં આવ્યાં છે, ભવિષ્યમાં ગુજરાતી નિબંધ કઈ રીતે વિકસશે તેનો પરિચય પણ કરાવ્યો છે. સ્વાભાવિક રીતે જ આવાં તારણો કામચલાઉ જ નીવડવાનાં.